॥ સનાતન પરમો ધર્મ ॥ — શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર — જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● જેઠ વદ - ૧ ● તા. ૨૫-૬-૨૦૨૧ ● શુક્રવાર SDP NO : 430 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કોર કમિટિમાં કોરોના મહામારી અંગે મહત્વના નિર્ણયો જાહેર કરાયા

◆ રાજ્યની આઠ મહાનગરપાલિકા અને વાપી, અંકલેશ્વર, વલસાડ, નવસારી, મહેસાણા, ભરૂચ, પાટણ, મોરબી, ભુજ અને ગાંધીનગર એમ કુલ ૧૮ શહેરોમાં રાત્રી કર્ફ્યુ સહિતના નિયંત્રણો ચાલુ રહેશે

◆ આ ૧૮ શહેરોમાં રાત્રી કર્ફ્યુનો સમય એક કલાક ઘટાડીને રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીનો કરાયો

◆ આ ૧૮ શહેરોમાં વ્યવસાયિકો પ્રવૃત્તિ ધરાવતા સંચાલકો, માલિકો, સ્ટાફ સહિત તમામે આગામી ૩૦ જૂન સુધીમાં વેક્સિન ફરજિયાત લેવાની રહેશે

◆ રાજ્યના આ સિવાયના તમામ વિસ્તારોમાં વ્યવસાયિકો પ્રવૃત્તિ ધરાવતા સંચાલકો, માલિકો, સ્ટાફ સહિત તમામે આગામી ૧૦ જુલાઈ સુધીમાં વેક્સિન ફરજિયાત લેવાની રહેશે

◆ આ ૧૮ શહેરોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ રાત્રે ૯ વાગ્યા સુધી ૬૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે

◆ હોમ ડિલેવરી રાત્રે ૧૨ કલાક સુધી ચાલુ રાખી શકાશે

◆ આ ૧૮ શહેરોમાં વ્યવસાયિક એકમો રાત્રીના ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે

◆ લગ્ન પ્રસંગમાં ૧૦૦ લોકો સુધી ઉપસ્થિત રહી શકશે

◆ અંતિમક્રિયા અને દફનવિધિમાં ૪૦ લોકોને છૂટ અપાઈ

◆ સામાજિક- રાજકીય પ્રસંગો અને ધાર્મિક સ્થાનો પર હોલની ક્ષમતાના ૫૦ ટકા અને મહત્તમ ૨૦૦ લોકો ઉપસ્થિત રહી શકશે

◆ વાંચનાલયોની ક્ષમતાના ૬૦ ટકાને મંજૂરી અપાઈ

◆ GSRTCની બસોમાં ૭૫ ટકાની ક્ષમતા સાથે છૂટ અપાઈ

◆ પાર્ક-ગાર્ડન રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે

◆ રાજ્યના સીનેમા ઘરો, મલ્ટીપ્લેક્ષ, ઓડિટોરિયમ ૫૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ કરી શકાશે

કોર કમિટીની બેઠકમાં શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા, ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવશ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય કમિશનરશ્રી જયપ્રકાશ શિવહરે સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

◆◆◆

શ્રીસમાજના અગ્રણીઓ અને ભુજ ઝોન દ્વારા વિકાસની ચર્ચા

ભુજ કન્યા વિધાલય સંકુલ મધ્યે શ્રીસમાજના માનનીય પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી, ટ્રસ્ટીશ્રી ગંગારામભાઈ રામાણી, ટ્રસ્ટીશ્રી મણીભાઈ ભગત, ઉપપ્રમુખશ્રી દામજીભાઈ વાસાણી, સહમંત્રીશ્રી પ્રવિણભાઈ ધોળુ, સહ ખજાનચીશ્રી મણીભાઈ માવાણી,

ભુજ વિધાલય સંચાલન સમિતિ ના કન્વીનર પ્રો. કે. વી. પાટીદાર સાહેબ, સહ કન્વીનર અમૃતભાઈ સામાણી, ભુજ ઝોન સમાજ ના પ્રમુખશ્રી ગંગારામભાઈ ચૌવાણ, મહામંત્રી શાંતિલાલ ભગત, શ્રી વિનોદભાઈ ભગત સર્વે ને રુબરુ મળીને ભુજ કન્યા વિધાલય નાં સારા સંચાલન બદલ પ્રમુખ શ્રી એ ધન્યવાદ આપેલ અને ભુજ નુતન જમીન બાબત અગામી પ્રોજેક્ટ માટે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

શશીકાંતભાઈ રામજીઆણી ડો.પ્રવીણ તોગાડીયા નિર્મિત આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિસદમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ માટે નિયુક્ત

અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદેશ (H.N.D.)

સંયોજક : રમેશભાઈ વાસાણી નાસિક



ભાઈશ્રી શશીકાંત જી ની અધ્યક્ષ નિમણુંક કરવામાં આવતા તેમનું પ્રજા જોગ નિવેદન અહીં અક્ષરશ આપવામાં આવ્યું છે.) ૨૪ જૂન ના રોજ

અમારા સૌ કાર્યકર્તાઓ,

આપણી સંસ્કૃતિની રક્ષા માટે દેશની રક્ષા માટે અમે ગ્રાઉન્ડ ઉપર ઉતરવાની છીએ અને આજે અમે સંકલ્પ કર્યો છે કે કચ્છ ના જે એક હજાર ગામડાઓ છે એમાં આવનાર એક વર્ષ ની અંદર એક કાર્યકર્તા હર મહિને પાંચ દિવસ સમય ફાળવશે અને પાંચ દિવસ અમારો એક પદાધિકારી એક કાર્યકર્તા પાંચ દિવસ માં પચ્ચીસ ગામો નો પ્રવાસ કરશે આવી રીતે એક વર્ષનો લક્ષાંક છે. આવનાર સમય માં કચ્છ ના છસો ગામો ની અંદર આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની ગ્રામ સમિતિ હશે. રાષ્ટ્રીય બજરંગ દળ ના યુવાનો ની ટીમ હશે અને આવનાર દિવસોમાં આ હિન્દુ રાજ્ય ની સ્થાપના માટે સાધુસંતો ના આશીર્વાદ થી ડોકટર તોગડિયા સાહેબ ના નેતૃત્વ માં જયારે મને ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ તરીકેની પોલીટીકલ જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે હું કચ્છ નું ગૌરવ માનું છું.

તો આવનારી રાજનીતિ માં હિન્દુસ્થાન નિર્માણ દળ એ લાઈટ માં આવવાની છે. રાજકીય પોલિટિક્સ ગતિવિધિ છે એ આવનાર દિવસોમાં અમે આગળ વધારીશું

આજે ભારત ને આઝાદ થયા ૭૫ વર્ષ થયાં વાતો વિકાસની થાય છે વાતો ગૌ માતાની રક્ષાની વાત થાય છે.

આજે આ દેશમાં ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ હોવા છતાંયે ગાયો આપણા ભુજ ની અંદર સો થી દોઢસો ગાયો ની કતલ કરવા માં આવે છે

હિન્દુ સમાજ ના યુવાનો સંઘર્ષ કરી રહ્યા છે તો સરકાર ના ચુંટાયેલા પ્રતિનિધિઓ, ભારતીય જનતા પાર્ટી ના ધારાસભ્યો, સંસદ સભ્યો કે તેના સંગઠન ના લોકો ની કોઈ જવાબદારી નથી કે?

માત્ર ઈલેક્શન આવે ત્યારે તેમને રામ યાદ આવે છે ત્યારે એમને ગાય માતાઓ યાદ આવે એ બોગસ રાજનીતિનો પડદાફાસ કરી સાચા નેતૃત્વ ની રક્ષા કરવી અને આ રાજને હિન્દુ રાષ્ટ્ર તરફ લઈ જવું નવો બદલાવ આખી વ્યવસ્થા નો બદલાવ અને આ દેશ નું શાસન આપણા વેદ અને ગીતા ઉપર ચાલે, સાધુસંતો એનું માર્ગદર્શન કરે આવી શ્રેષ્ઠ રાજનીતી હિન્દુસ્તાન નિર્માણ દળ દ્વારા અમે કરવા જઈ રહ્યા છીએ આપ સૌ નો સાથ સહકાર મળે કચ્છ ની જનતા નો સહકાર મળે પ્રેસ મિડિયા ના મિત્રો છો એમનો પણ અમને યોગ્ય સહકાર મળે

આજના આ પાવન પ્રસંગે અનેક સાધુસંતો ના આશીર્વાદો ટેલિફોનીક અને રૂબરૂ અમને મળ્યા આજે જે સ્થાન પર અમે કાર્યક્રમ કર્યો છે મહાયજ્ઞ નો તો માતાજી પરમ પુજનીય વંદનીય પાતઃ સ્મરણીય અવઘતગીરી માતાજી ના છેલ્લા તીસ વર્ષ થયાં આશીર્વાદ છે આજે પણ એમના આર્શીવાદ મળ્યા છે આવા સાધુસંતો ના આર્શીવાદ થી જ અમારા કમલેશભાઈ, હરીશભાઈ અને રોહિતભાઈ જેવા કાર્યકર્તાઓ આજે હિન્દુત્વ નું કામ કરી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપના દિવસે જયારે હિન્દુ સામ્રાજ્ય નો દિવસ ઉજવી રહ્યા છીએ ત્યારે કચ્છીઓ ને સૌ હિન્દુ ધર્મ ના લોકો ને દેશભક્ત લોકો નો હું ધન્યવાદ માનું છું.

જેમણે આજના પ્રસંગે સહકાર આપ્યો છે એ દાતાઓ નો, બાકી ના કાર્યકર્તાઓએ, સમાજના ટ્રસ્ટીઓએ તો એ સૌનો હું આભાર માનું છું અને ભુજ શહેર, કચ્છ ના શહેરો અને કચ્છ ના ગામડાઓના હિન્દુ સમાજ ના જેટલા અગ્રણીઓ છે એમને હું કહું છું કે ન ચાહીએ કોંગ્રેસ, ન ચાહીએ ભાજપ, ન ચાહીએ આપ હમેં તો હિન્દુ રાજ્ય કી સ્થાપના ચાહીએ જહાં છત્રપતિ શિવાજી મહારાજ કા ભગવા ધ્વજ લહેરાયા હો, મહારાણા પ્રતાપ કી તલવાર હો, મંદિરો મેં વેદ ઔર ગીતા કી ઉપાસના હો, સંસ્કૃત મેં શ્લોકો કા સુબહ મેં નાદ હો ઐસા રાજ્ય ચાહીએ જહાં ગાય માતા ભી હંસતી જાય, મંદિર કે સાધુસંતો ભી ગૌરવ સે જી શકે ઐસા હમેં એક હિન્દુ રાજ્ય ચાહીએ વો સિર્ફ ને સિર્ફ ડોકટર તોગડિયાજી કર શકતે હૈ, હમારી પ્રમાણિક કાર્યકર્તાઓ કી ટીમ કર શકતી હૈ વો હી દે શકતે હૈ,

આગામી દિન હમારા કચ્છ સરહદી વિસ્તાર હૈ, કચ્છ કી સરહદી વિસ્તાર કી સુરક્ષા કે લીયે હિન્દુસ્તાન નિર્માણ દળ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ઔર રાષ્ટ્રીય બજરંગી દળ હૈ ઉક્રો આપ તન મન ઔર ધન સે સહયોગ કરે ઈતની અભ્યર્થના કે સાથ ઈસ અવસર પર મેં બહોત બહોત શુભકામના.

જય...

શું નખત્રાણાને બાયપાસ ન મળે ત્યાં સુધી ગામનો વિકાસ અટકાવવો જરૂરી છે...?

નખત્રાણા કચ્છનું 'બારડોલી' ગણાય છે, નારાયણસરોવર, માતાનામઢ, હાજીપીર, ધીણોધર, પીયોણી-મહાદેવ જેવા અનેક પવિત્ર ધાર્મિક સ્થાનો માટે મુખ્ય દ્વાર... અબડાસા અને લખપત તાલુકાઓમાં આવી રહેલ મોટી મોટી કંપનીઓનું મુખ્ય મથક, ત્રણ તાલુકાની મેડિકલ, આરોગ્ય અને શિક્ષણ જેવી જરૂરિયાતો માટે પશ્ચિમ કચ્છનું મુખ્ય મથક, કચ્છની સૌથી મોટી ગ્રામ પંચાયત ધરાવતું શહેર એટલે નખત્રાણા

નખત્રાણા શહેરમાં એસ. ટી. વર્ક-શોપ થી શેઠ કે. વી. હાઈસ્કૂલ સુધી જો ફોર-ટ્રેક રોડ બનાવવામાં આવે તો નખત્રાણામાં દર અઠવાડિયે થતા માર્ગ અકસ્માત અટકાવી શકાય, આ માર્ગ પરથી લગભગ દસેક જેટલી સ્કૂલના બાળકો આવ-જાવ કરે છે... જરા વિચારીયે કે ક્યારેક કોઈ મહાકાય ટ્રેલર તિવ્ર ગતિ (ફુલ-સ્પીડ)થી પસાર થાય અને ત્યારે જ બધી સ્કૂલોમાંથી રજા પડી હોય અને કોઈ અકસ્માત થાય તો..??

માનકુવા, સુખપર જેવા ગામના હાઈવે પર મોટા અને ખુલ્લા રસ્તા હોય તો નખત્રાણા જેવા મોટા શહેરમાં ફોર-ટ્રેક રોડ શું ન બની શકે...??

છેલ્લા ઘણા સમયથી બાયપાસ બનાવવાની વાતો થઈ રહી છે પરંતુ ગત સમયમાં જે રૂટ ઉપરથી બાયપાસ રોડનો સર્વે થયેલો હતો તે રુટ પર હવે જમીનના ભાવ વધવાથી ઘણી મોંઘી થઈ ગઈ છે એટલે ત્યાંથી બાયપાસ નીકળવાનો કોઈ રસ્તો હવે દેખાતો નથી, માટે અત્યારનો ગામનો જે રોડ છે તે જ રોડને ફોર-ટ્રેક બનાવીને આ માથાના દુખાવા સમાન ટ્રાફિકની સમસ્યા હળવી કરી શકાય એમ છે.

બાય પાસ રસ્તો બનવાનું કારણ તો માત્ર બહાનું છે. ગામ વચ્ચે પસાર થતા રસ્તાની આ સમસ્યા વર્ષો પહેલાંથી છે...તાલુકા પંચાયતથી લઈને સાંસદ સુધી નખત્રાણા તાલુકાના જનપ્રતિનિધિ પ્રતિનિધિત્વ તો કરે છે પરંતુ હજુ સુધી બાય-પાસ સમસ્યા ઉકેલી નથી શક્યા. છેને નખત્રાણા તાલુકાની કઠણાઈ..

રાજકીય લીડર ને તાલુકા જિલ્લા પંચાયત ને અને ધારાસભ્ય અને સાંસદ ને આ સમસ્યા જરૂર દેખાતી હશે અને પ્રજા ની આ તકલીફ નિવારવા તેઓ નખત્રાણા બાય પાસ નું જે હશે તે પણ વચ્ચે થી પસાર થતા રસ્તા ને ચાર માર્ગીય કરવા જરૂર તાકીદે આયોજન કરશે...

●

જનતા નો આવાઝ - દિનેશભાઈ ડાયાણી. નખત્રાણા

મેડીકોઝ સનાતની ટીમ માં એક મોર પીછ નો ઉમેરો. ડો. અપેક્ષા નાકરાણી, M.B.B.S

ડૉ. અપેક્ષા નાકરાણી

હૈદરાબાદ :- પટેલ ગોપાલ ભીમજી નાકરાણી તથા મણીબેન ગોપાલ નાકરાણી(કચ્છમાં નેત્રા માતાજી) ની પૌત્રી અને પટેલ ભરતકુમાર ગોપાલ તથા શ્રીમતિ જ્યોતિબેન ભરતકુમારની સુપુત્રી ડૉ. અપેક્ષા એ M.B.B.S ની (મે-૨૦૨૧)માં ડીગ્રી મેળવીને નાકરાણી પરિવાર તથા હૈદરાબાદ સમાજનું ગૌરવ વધારેલ છે.

MBBS, May 2021 માં પૂર્ણ કર્યું છે, સાથે ફર્સ્ટ ક્લાસ અને ૯૦૦ માર્ક્સમાંથી ૫૮૫ માર્ક્સ મેળવેલ છે.

૧૦ મું ધોરણ, ડી.પી.એસ. હાઈસ્કૂલ, કોથાપેટ,

મધ્યવર્તી અભ્યાસ, BiPC. સેન્ટ એન કોલેજ તારાનાકા,

ડૉ. અપેક્ષા એ MBBS ની ડીગ્રી Kaminneni Academy of Medical & Research Centre, LB nagar થી મેળવેલ છે અને હાલ એલબી નગરની kaminneni Hospital ખાતે ઈન્ટરશીપ કરી રહ્યાં છે.

અભિનંદનઃ- દિવ્યાંગભાઈ નાકરાણી (નાકરાણી પરિવાર)

સંપર્ક :- ગોપાલભાઈ - ૯૯૪૯૭૮૮૨૨૧, ભરતકુમાર- ૯૨૪૬૧૭૮૮૨૨

FIRM :- SHREE VIGHNESHWARA & CO. HYDERABAD.

શ્રીસમાજ પ્રચાર અને પ્રસાર ટીમ આપણે અભિનદીત કરે છે...

ધર્મ દ્વારા ચેતના જગાડનાર ગુરુ હરગોવિંદસિંહ

ગુરુ હરગોવિંદસિંહનો જન્મ ઈ.સ. ૧૫૯૫માં પંજાબમાં આવેલા અમૃતસરના બડાલીમાં થયો હતો. તેમનું સમગ્ર કુટુંબ ધર્મપરાયણ હતું. ધર્મ માટે મરી ફીટવાની ભાવના ગુરુ હરગોવિંદસિંહને તેમના પિતા ગુરુ અર્જુન દેવજી પાસેથી મળી હતી. તેમણે પિતાના શહીદીના આદર્શને તેમના જીવનનો ઉદેશ માન્યો. અહીં અર્જુન દેવજીએ તેમનું સમગ્ર જીવન ધર્મની રક્ષા માટે અર્પણ કરી દીધું હતું. ગુરુ હરગોવિંદસિંહે પણ તેમના પિતાએ ચીંધાડેલા રાહને અપનાવીને તેમના પિતાએ શરૂ કરેલા કાર્યને સફળતાપૂર્વક પૂરું કરવા માટે તન-મન-ધનથી સમર્પણભાવ બતાવ્યો. તેમના પિતા અર્જુન દેવજીએ તેમને કહ્યું હતું કે, 'ધર્મની રક્ષા માત્ર ભક્તિથી શક્ય નથી બનતી તેના માટે શાસ્ત્રની સાથે

ગુરુ હરગોવિંદસિંહ જયંતી
૨૫-૦૬-૨૦૨૧, શુક્રવાર

શસ્ત્રનો અભ્યાસ પણ કરવો પડશે.' પિતાની આજ્ઞાને માનીને બદલાતા સમય સંજોગો પ્રમાણે ગુરુ ગોવિંદસિંહે ધર્મના રક્ષણ માટે શાસ્ત્ર સાથે શસ્ત્રની પણ તાલીમ લીધી, તદુપરાંત તેમણે આજુબાજુના શીખ યુવાનોને બોલાવીને તેમને પણ શસ્ત્ર સાથે શાસ્ત્રનું પ્રશિક્ષણ આપવાનું શરૂ કર્યું.

સામાજિક અને ધાર્મિક ક્રાંતિ

ગુરુ હરગોવિંદસિંહ માટે ધર્મ માત્ર ભજનકીર્તન પૂરતો જ સીમિત ન હતો. તેમનું દષ્ટિબિંદુ વિશાળ હતું. તેઓ ધર્મ દ્વારા સમાજની દરેક બદીને દૂર કરવા માગતા હતા. ગુરુ હરગોવિંદસિંહના સાંનિધ્યમાં રહેવાથી નવયુવાનોમાં પણ ધર્મ અને દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના ઉજાગર થતી હતી. ગુરુ હરગોવિંદસિંહના વિચારો અને ઉદેશ બહુ ઊંચા હતા. તેઓ રાજકીય, સામાજિક અને ધાર્મિક એમ દરેક ક્ષેત્રે આઝાદી લાવવા માગતા હતા. તેઓ ધર્મમાંથી અંધશ્રદ્ધાને સમાજમાં કુરિવાજોને દૂર કરીને ખરા અર્થમાં આઝાદી લાવવા ઈચ્છતા હતા. ગુરુ હરગોવિંદસિંહનું ચિંતન પણ ક્રાંતિકારી હતું. તેઓ એવું દૃઢપણે માનતા કે શાંતિ, સૌહાર્દ સાથે સાથે અત્યાચાર અને જુલમનો સામનો કરવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. અત્યાચાર, અન્યાય સહન કરવો એ પણ તેમાં ભાગીદાર થવા સમાન જ છે. ગાદી સંભાળતાની સાથે જ તેમણે મીરી અર્થાત્ શૌર્ય અને પીરી અર્થાત્ સંત સ્વભાવ એમ બંને તલવાર ગ્રહણ કરી. ગુરુ હરગોવિંદસિંહે મીરી-પીરી તલવારના ગ્રહણ કરતાંની સાથે જ શીખદર્શનની ચેતનાને નવા અધ્યાત્મ દર્શન સાથે જોડ્યું. ગુરુ હરગોવિંદસિંહ રાજકારણ અને ધર્મને એકબીજાનાં પૂરક બનાવવા માંગતા હતા. ગુરુ હરગોવિંદસિંહ માનતા હતા કે ધર્મ રાજકારણથી અલગ વિષય હોઈ જ ન શકે, કારણ કે ધર્મ વગર રાજધર્મ નિભાવવાનો શક્ય નથી.

અકાલ તખ્ત સાહિબ શીખ સમાજ માટે એવી સર્વોચ્ચ સંસ્થારૂપમાં અસ્તિત્વમાં આવી કે જેણે ભવિષ્યમાં શીખ શક્તિને સંગઠિત કરીને તેને ઐતિહાસિક સામાજિક ઓળખ આપી. આ રીતે ગુરુ હરગોવિંદસિંહ ધર્મનું ડગલે ને પગલે પાલન કરીને ધર્મ દ્વારા જે ચેતના જગાડવાનું કાર્ય કર્યું છે તે સરાહનીય છે અને આજે પણ તેમના સિદ્ધાંતો સમગ્ર સમાજ માટે દીવાદાંડી સમાન સાબિત થયા છે.

રેલવેની ટિકિટ કેન્સલ કરાવતા તરત રિફંડ બેંકમાં જમા થઈ જશે

આયઆરટીસી દ્વારા કરાઈ સુવિધા

પ્લેટફોર્મ ટિકિટના દર પુનઃ રૂા. ૧૦ કરવામાં આવ્યા

કોરોના મહામારીના લીધે લાંબા અંતરની ટ્રેનોમાં પ્રવાસીઓ મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. ઘણી વખત ટિકિટ બુક કરાવ્યા બાદ મુસાફરી કરવી હિતાવહ ન હોઈ બુક કરાવેલી ટિકિટ રદ કરાવતા અગાઉ રિફંડ માટે પ્રવાસીઓને ઘણી રાહ જોવી પડતી હતી ત્યારે હવે આયઆરટીસી દ્વારા આય-પે અને ઓટો-પેની સુવિધા આપવામાં આવી છે. જેથી ટિકિટ કેન્સલ કરાવતાની સાથે તરત જ બેંકના ખાતામાં રૂપિયા જમા થઈ જશે ઉપરાંત રેલવે પ્રશાસન દ્વારા પ્લેટફોર્મ ટિકિટના દર ઘટાડીને રૂા. ૧૦ કરવામાં આવ્યા છે.

આ અંગે મળતી વધુ વિગતો મુજબ આયઆરટીસી દ્વારા બે પોર્ટલમાં આયપે અને ઓટોપે ઓપ્શન આપવામાં આવ્યું છે. જેનાથી યુપીઆઈ બેંક ખાતાની મદદથી કેન્સલ થયેલી ટિકિટનું બેંકના ખાતામાં જમા થઈ જશે.

અત્રે ઉલ્લેખનીય છે રદ થયેલી ટિકિટના નાણા પરત મેળવવા પ્રવાસીઓએ ૪૮થી ૭૨ કલાક સુધી રાહ જોવી પડતી હતી. જેના કારણે પ્રવાસીઓમાં કચવાટ થતા મુસાફરોની આ સમસ્યાના નિરાકરણ આવે એ બાબતે ઓનલાઈન ફરિયાદ પણ નોંધાવી છે.

હવે આ નવી સુવિધા અપાતા પ્રવાસીઓને ઓનલાઈન ટ્રાન્જેકશન કરવું વધુ સરળ બનશે. બીજી બાજુ કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ ઉપર ખોટી ભીડ ન થાય તે માટે પ્લેટફોર્મ ટિકિટના દરમાં પાંચ ગણો વધારો કરી રૂા. ૧૦ના બદલે રૂા. ૫૦ કરવામાં આવ્યા હતા જે ફરી ફરી પ્લેટફોર્મ ટિકિટના ભાવ પુનઃ ૧૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

અનુકમ્પાના ઉગાડ્યા છે દ્વાર સેવા ભારતી..

કોરોના ની વૈશ્વિક મહામારી માનવ સમાજ માટે મોટો પડકાર બની છે. આ મહામારી દરમ્યાન સમાજના કેટલાય કુટુંબ ક્ષત વિક્ષીત થયા છે. આ મહામારી ના કારણે ગુજરાત મા પણ અનેક લોકોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે, અનેક બાળકો એ માતા અથવા પિતાની કે માતા - પિતાની છત્રછાયા ગુમાવી છે. આ આપણા સમાજના બાળકો છે અને એમના ભવિષ્યની ચિંતા કરવાની આપણી નૈતિક અને સમાજિક જવાબદારી છે. આવા સદવિચાર સાથે સમાજમાંથી Real Data એકત્ર કરવા નો આ નમ્ર પ્રયાસ છે.

જે માહિતી પ્રાપ્ત થાય તેના આધારે જે તે ભૌગોલીક વિસ્તાર ના સામાજિક, ધાર્મિક, સેવાભાવી સંસ્થાઓ, વ્યક્તિઓ ને સાથે રાખી આવા બાળકો તથા પરિવારના કલ્યાણ માટે કોઇ ચોકક્સ કામ કરવાની યોજના બને તે હેતુ થી આના માટે આજે વેબસાઈટ ના માધ્યમ થી માહિતી એકત્ર કરવાનો પ્રયાસ છે.

આપ આપના પરિચિત ગ્રુપ, મિત્રો, સગા સ્નેહી, વ્યવસાયી સંપર્કમાં હોય તેમને મોકલાવી ને માહિતી એકત્ર કરવાના પ્રયાસમાં સહભાગી થવા માટે આપને વિનંતી છે.

https://sewabhartigujarat.in/

સેવા ભારતી,
ગુજરાત.

કચ્છના મુન્દ્રા અને કંડલા પોર્ટ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથે જોડાયા

રેલવે દ્વારા માર્ગ પરિવહનને ઝડપી બનાવવા માટે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર તૈયાર કરાયો છે. આ કોરિડોર પૈકી ૭૦૪ કિલોમીટરનો કોરિડોર કાર્યરત થતા કચ્છના મુન્દ્રા અને કંડલા બંદર પણ આ કોરિડોર સાથે જોડાઈ ગયા છે.

- મુન્દ્રાથી રાજસ્થાન સૌપ્રથમ વખત ૧૭૮ કન્ટેનરની ડબલ ડેકર ટ્રેન દોડતી કરાઈ
- ૭૦૪ કિલોમીટરનો કોરિડોર કાર્યરત થયો
- કચ્છના મુન્દ્રા અને કંડલા બંદર પણ કોરિડોર સાથે જોડાયા

● **કચ્છ :** ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર અંતર્ગત મુન્દ્રાથી રાજસ્થાન સૌપ્રથમ વખત ૧૭૮ કન્ટેનરની ડબલ ડેકર ટ્રેન દોડતી કરાઈ હતી. આ અંગેની વિગતો મુજબ દેશભરમાં પોર્ટ કનેક્ટિવિટી વધારવા માટે વિભિન્ન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રેલવે ટ્રેકનું કાર્ય પૂર્ણ થતા પ્રથમ વાર મુન્દ્રા પોર્ટથી રાજસ્થાન, કોંકણ, કાઠુવાસ સુધી ડબલ ડેકર કન્ટેનર ટ્રેન દોડાવવામાં આવી હતી.

- દેશ-વિદેશથી મશીનો અને સ્પેરપાર્ટ્સ આયાત કરવામાં આવ્યા
- આ ડબલ ડેકર કન્ટેનર રેક પર ૧૭૮ કન્ટેનર સમાવાયા હતા. જેમાં ફ્રાન્સ, મેક્સિકો, ઈટાલી, જાપાન, જર્મની અને યુએઈથી આયાત ગ્લિસરીન, એલ્યુમિનિયમ સ્પેરપાર્ટ્સ, ઈલેક્ટ્રિક પાર્ટ્સ, મશીન, કંપ્રેસર સહિતનો કાર્ગોનો સમાવેશ થયો હતો.

ઈન્ટરનેટ જેટલું ઉપયોગી તેટલુંજ ખતરનાક

(રોબર્ટ કાન અને વિન્ટન સર્ફ ઈન્ટરનેટ ના શોધક છે જેમણે અમેરિકા ના છે ૧૯૭૩ માં ઈન્ટરનેટ ની શોધ થઈ છે. આજ તે લોકોપયોગી બન્યું છે.)

કોરોનાની જેમ હજી પણ એક વાયરસ આપણી આજુબાજુ માં દિનોદિન વધી રહેલ છે. આ વાયરસ ને જાણવા અને એના ઉપાય માટે આ પોસ્ટને આખરી તક વાંચજો.

આજે સ્માર્ટ ફોન સિર્ફ સ્ટેટ્સ સિમ્બોલ નથી રહ્યો એ આજની જીવનશૈલીનો મહત્વનો હિસ્સો બની ચુક્યો છે. સ્માર્ટ ફોનના આગમન પછી હર તરફ ડિજીટલાઈઝેશન નો વ્યાપ વધવા લાગ્યો છે. જીવનજરૂરી કહો યા મનોરંજન અને મોજમસ્તી દરેક ચીજ આજે ઇન્ટરનેટના માધ્યમથી ડિજીટલ પ્લેટફોર્મ પર આશાનીથી ઉપલબ્ધ થવા લાગી છે. ઈન્ટરનેટ જેટલું આપણી જીવનશૈલીને આસાન બનાવે છે એટલું જ જો આપણે લાપરવાહી કરી તો નુકશાન પણ કરાવી શકે છે.

આજકાલ ઈન્ટરનેટના માધ્યમથી ફ્રોડ થવાના કિસ્સા ખુબજ વધી રહેલ છે માટે મોબાઈલ અને ઈન્ટરનેટના વપરાશમાં સાવધાની રાખવી અતી આવશ્યક થઈ ગયેલ છે. આવા ફ્રોડથી બચવા માટે સૌથી ખાસ અને અતી મહત્વના ઉપાયથી આપને અવગત કરાવા માટે આ પોસ્ટ કરેલ છે.

મિત્રો, જેમ આપણા ઘરની મહિલાઓ વાર-તહેવારે લેવડદેવડ માટે સાડીઓ અલગ રાખે છે અને પોતાના પર્સનલ પહેરવા માટે અલગ સાચવીને રાખે છે એવી જ રીતે મનોરંજનના એપ્લીકેશન, સોશલ મિડીયા અથવા આલતુ-ફાલતુ વેબસાઈટો પર લોગીન આઈડી બનાવતી વખતે કોઈપણ જનરલ ઈમેલ આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરો

પણ તમારાં અતી મહત્વના બેંક, આધારથી લિંકેડ કોઈપણ અન્ય અકાઉન્ટ અથવા જ્યાં થી પેમેન્ટના ટ્રાન્ઝેકશન થતાં હોય એવા સિક્યોર અકાઉન્ટ માટે અલગથી ઈમેલ આઈડી અને પાસવર્ડ રાખો. જેને સિર્ફ આવાં અકાઉન્ટ પુરતાં જ વાપરો. આને ભુલથી પણ અન્ય કોઈપણ જગ્યાએ શેઅર ના કરશો અને હા, આ આઈડી પાસવર્ડને કોઈ એપ્લીકેશન, વેબસાઈટ અથવા મોબાઈલમાં ક્યાંય પણ સેવ કરવાને બદલે યાદ રાખવાની કે ડાયરીમાં ક્યાંક લખીને રાખવાની આદત રાખો.

આવા સિક્યોર આઈડી પાસવર્ડની જેમ તમને આવવાવાળા OTP અને તમારા કોઈપણ કાર્ડની પાછળ લખેલા ૩ આંકડાના CVC નંબરને જો તમે બચાવીને રાખ્યાં તો કોઈની તાકાત નથી કે તમારાથી કોઈ ફ્રોડ કરી શકે.

સંયોજક : મૂળવંતરાય પટેલ, નાગપુર.

ગૌમાતા આપણી સંસ્કૃતિ અને આપણી પ્રકૃતિની જનેતા

દાન અને સેવા દ્વારા લોકો પુણ્ય કર્મ કરતાં હોય છે.

કોઈ તનથી, કોઈ મનથી અને કોઈ ધનથી સત્કર્મ કરે છે.

જેમાંથી અબોલા નિર્દોષ પશુ-પક્ષીઓની સેવા ઉત્તમ ગણાય છે.

ખાસ કરીને આપણા કચ્છમાં સમયકાળે સેવા-ધર્મની જરૂરીયાત ઊભી થાય છે.

જે માટે ગાયોને લીલોચારો, કૂતરાંઓને બિસ્કીટ, કિડીને કિડીયાળું અને પક્ષીઓને ચણ.

આપ જેવા સહયોગી દાતાઓના સહકારથી દરરોજ આ ગૌ સેવા સમિતિ દ્વારા સેવા-કાર્ય કરવામાં આવે છે.

જેનો સમિતિ દ્વારા અમો આપસૌનો સહૃદય આભાર માનીએ છીએ

આવો જ સાથ સહકાર કાયમી મળતો રહેશે, તેમજ આપસૌને પરમાત્મા અને ગૌ-માતાના આશીર્વાદથી સુખ, સંપત્તિ, સમૃદ્ધિ અને પરિવારમાં આનંદ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીએ છીએ.

વિશેષમાં ગઈકાલે કલોલથી મળેલ ૨૦૦ દેશીમણ લીલોચારો રવાપર સુધી પહોંચતો કરવા બદલ ભવાનભાઈ (લ.ના.સમાજના પ્રમુખ) અને રણછોડભાઈ રતનશીભાઈ પોકાર પરિવાર નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ભગવાન સદા સર્વ પ્રકારે ચડતી રાખે તેવી પ્રાર્થના કરીએ છીએ.

એક દિવસનો અંદાજીત વપરાશઃ

ગૌચારા માટે રૂપિયા છ હજાર (₹ ૬૦૦૦.૦૦)

કૂતરાંઓના બિસ્કીટ માટે રૂપિયા પાંચસો (₹ ૫૦૦.૦૦)

પક્ષીઓ (મોર વગેરે)ને ચણ અને કિડીયાળું રૂપિયા ચારસો (₹ ૪૦૦.૦૦)

આપસૌ દાતાઓને વિનંતી કે આપ આપની યથાશકિત મુજબ એક કે વધુ દિવસ માટે જે દાન સેવા મોકલશો તે મુજબ દરરોજ નામાવલિ સાથે નોંધ જાહેર કરવામાં આવશે. આજુબાજુ ગામોના ભાગ્યશાળી દાતાઓ પણ આ ઉત્તમ સેવાનો લાભ લઈ શકે છે.

દાન મોકલવા, રૂબરૂ હાજર રહેવા તેમજ વધુ માહિતી માટે આપ અમારો સંપર્ક કરી શકો છો,

સંપર્કઃ
ચંદુભાઈ દેવશીભાઈ પોકાર
૯૮૪૫૧૭૦૫૨૩
કાન્તિલાલ શિવદાસ ચૌધરી
૯૪૨૭૪૪૬૨૮૫
હિરેન વિરેન્દ્રભાઈ નાકરાણી
૯૫૫૮૨૦૨૦૫૬
તેમજ
ગૌસેવા સમિતિ, રવાપર
ફરીથી સૌનો આભાર...

●



કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦. મોબાઈલ : ૭૭૧૮૯૭૭૭૭૪.